## જન્મદિને વધામણી



**વિનોદ ડી રાદડીયા**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
પૂર્વ પ્રમુખ, રોટરી કલબ ઓફ ગાંધીનગર
(૮ સપ્ટે.) મો. ૯૮૨૫૦ ૨૭૭૭૫



**મનિષાબેન એ જૈન**
ખજાનચી, સંગિની (૮-૯-૧૯૭૮)



**હિતાર્થ મેહુલ દોશી**
જૈન સોશિયલ ગ્રુપ
મો. ૮૧૪૧૧ ૭૫૪૫૯



કુડાસણ ખાતે કાર્યરત સ્કૂલ ઑફ ઍચિવર ખાતે શિક્ષકદિનની ઉજવણી ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. નાનાં બાળકોએ અદલ શિક્ષક-શિક્ષિકાની ભૂમિકા ભજવી સ્કૂલ પરિસરના વાતાવરણને રંગીન બનાવી મૂક્યું હતું. શિક્ષકત્વના અહેસાસથી નવશિક્ષક વિદ્યાર્થીઓમાં નવું જ ગાંભીર્ય છલકાતું હતું, જવાબદારી લઈ લેવાની તત્પરતા પણ હતી, તો સામે છેડે વિદ્યાર્થીની ભૂમિકામાં વિદ્યાર્થીઓ પણ સ્કૂલ ઑફ ઍચિવરની સંસ્કૃતિને ઉજાગર કરવામાં ઉણા નહોતા ઊતર્યા.



પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, સૅક્ટર-૨૮ ખાતે સૌપ્રથમવાર જાદુના શોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના સૅક્ટર-૩ બી ખાતે નિવાસ કરતા અશ્વિનભાઈ વી શાહના ૪૫ મિનિટની લંબાઈના આ શોથી ઉપસ્થિત ૩૦૦ દર્શકો મંત્રમુગ્ધ થઈ ગયા હતા. શોની સમયમર્યાદા આ કારણે તેમને અકળાવી ગઈ હતી અને પુનઃ આવો શો યોજાય તેવી માગણી તેમણે વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે અશ્વિનભાઈ શાહ ૭ વર્ષથી વધુ વયનાં બાળકોના માનસિક તેમજ બૌદ્ધિક વિકાસ માટે સમર કૅમ્પ કે સૅમિનારમાં 'મૅજીક ટ્રીક્સ' તથા 'ઓરેગામી'નું નિઃશુલ્ક ડૅમોન્સ્ટ્રેશન કરે છે. બ્રહ્માકુમારીઝ વિશ્વવિદ્યાલયને પોતાની કળાનો લાભ વિનામૂલ્યે આપવા બદલ સંચાલિકા કૈલાશદીદી દ્વારા તેમનું ઈશ્વરીય સોગાત આપી બહુમાન કરી આભાર માનવામાં આવ્યો હતો.

# જિલ્લાકક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધા યોજાઈ પ્રેરણા વિદ્યાલય સતત ચોથા વર્ષે વિજયી



ગાંધીનગર, તા. ૭

જિલ્લાકક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધા આજે યોજાઈ હતી, જેમાં શહેરની પ્રેરણા વિદ્યાલયે વિજય પ્રાપ્ત કરીને આ સ્પર્ધામાં સતત ચોથા વર્ષે વિજયી બનવાનું બહુમાન પ્રાપ્ત કર્યું હતું.

નૅશનલ કાઉન્સીલ ઑન સાયન્સ મ્યુઝીયમ તથા નહેરૂ સાયન્સ સૅન્ટર, મુંબઈ, ગુજરાત કાઉન્સીલ ઑન સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી અને નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટરના સંયુક્ત ઉપક્રમે આ સ્પર્ધાનું આયોજન સૅક્ટર-૨૮માં કાર્યરત બા શ્રી વસંતકુંવરબા વિદ્યાલય ખાતે કરવામાં આવ્યું હતું. જિલ્લાની ૧૧ શાળાઓએ આ સ્પર્ધામાં ઉત્સાપૂર્વક ભાગ લીધો હતો. જે પૈકી સૅક્ટર-૫ ખાતે સ્થિત પ્રેરણા વિદ્યાલયે પ્રથમ, સૅક્ટર-૭માં કાર્યરત જે ઍમ ચૌધરી વિદ્યાલયે દ્વિતિય અને કલોલની સંત અન્ના સ્કૂલે તૃતિય ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું.

પ્રેરણા વિદ્યાલય દ્વારા કુંતલ નિમાવત લિખિત અને બ્રિજરાજસિંહ ઝાલા દિગ્દર્શિત નાટક 'આંધળો પાટો' પ્રસ્તુત કરવામાં આવ્યું હતું જે 'લાઈટ ઈઝ લાઈફ' વિષય પર આધારિત હતું. જે ઍમ ચૌધરી વિદ્યાલય દ્વારા પ્રસ્તુત નાટકમાં પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉપયોગની વાત કરવામાં આવી હતી તો સંત અન્ના સ્કૂલના નાટકમાં જમીન અને પાણીના પ્રદૂષણને અટકાવવા વિશેની વાત રજૂ કરાઈ હતી.

સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રકાશ લાલા, નરેશભાઈ ઠાકર અને કુંતલ નિમાવત દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી. નરેશભાઈ ઠાકર દ્વારા નાટકોમાં પ્રસ્તુત વૈજ્ઞાનિક તથ્યો પ્રત્યે વિદ્યાર્થીઓનું ધ્યાન દોરવામાં આવ્યું હતું તથા તેમાં રહેલી ક્ષતિઓને સુધારવામાં આવી હતી. પ્રકાશ લાલાએ પરિણામ જાહેર કરતાં વિદ્યાર્થીઓને ઉદ્બોધન કરતાં જણાવ્યું હતું કે 'સાયન્સ ડ્રામા સ્પર્ધામાં સાયન્સ ઉપરાંત નાટકનાં પાસાં પણ સચવાવાં જોઈએ અને તેથી જ એમાં વિષયવસ્તુ, રજૂઆતની રસપ્રદ શૈલી અને અભિનયનું પણ ખૂબ મહત્ત્વ છે.'

સમગ્ર કાર્યક્રમનું સંચાલન નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટરના મૅનેજિંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલે કર્યું હતું.

## મનોરંજન

| |
|---|
| **સિટી પલ્સ** |
| **સ્ક્રીન-૧** |
| વૅલકમ બૅક |
| ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦ |
| **સ્ક્રીન-૨** |
| વૅલકમ બૅક |
| ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦ |
| **સ્ક્રીન-૩** |
| વૅલકમ બૅક |
| ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦ |
| **સ્ક્રીન-૪** |
| વૅલકમ બૅક |
| સવારે ૧૦.૦૦ |
| ફૅન્ટમ |
| ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦ |
| પાયુમ પુલી (તમિલ) |
| ૭.૦૦ |
| **સ્ક્રીન-૫** |
| વૅલકમ બૅક |
| ૧૧.૦૦ |
| ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (હિન્દી) |
| ૨.૧૫, ૬.૧૫, ૧૦.૧૫ |
| ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (અંગ્રેજી) |
| ૪.૧૫, ૮.૧૫ |
| **સિનેમેક્સ** |
| **સ્ક્રીન-૧** |
| વૅલકમ બૅક |
| સવારે ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦ |
| **સ્ક્રીન-૨** |
| ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (હિન્દી) |
| ૯.૧૫ |
| વૅલકમ બૅક |
| ૧૧.૧૫, ૨.૩૦, ૪.૪૫, ૯ |
| **સ્ક્રીન-૩** |
| ફૅન્ટમ |
| સવારે ૧૦.૨૦ |
| ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (હિન્દી) |
| ૧.૧૫, ૫.૩૫, ૧૧.૦૦ |
| હિટમૅન (અંગ્રેજી) |
| ૩.૨૫ |
| વૅલકમ બૅક |
| ૭.૪૫ |
| **સ્ક્રીન-૪** |
| વૅલકમ બૅક |
| સવારે ૧૦.૧૫ |
| ફૅન્ટમ |
| ૧.૩૦, ૪.૨૫, ૯.૩૦ |
| હિટમૅન (અંગ્રેજી) |
| ૭.૨૦ |

# વરદાયિની સ્કૂલ ખાતે નિવૃત્ત શિક્ષક સહ તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ



ગાંધીનગર, તા. ૭

શ્રી વરદાયિની સ્કૂલ, રૂપાલ ખાતે નિવૃત્ત થતા શિક્ષકોનો વિદાય સમારોહ તથા વાર્ષિક ઈનામ સમારોહ સંયુક્ત રીતે યોજવામાં આવ્યો હતો. સમારોહના મુખ્ય અતિથિ તરીકે શાળાઓની કમિશનર કચેરીના ડૅપ્યુટી ડિરેક્ટર ડૉ. દીપક દરજી, બી જે મૅડિકલ કૉલેજ, અમદાવાદના ડૉ. કનુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા જેમણે નિવૃત્તિ લઈ રહેલા શિક્ષક યાસીનભાઈ મનસૂરી અને ઈશ્વરભાઈ પંચાલનું શાલ, સ્મૃતિચિહ્ન અને સન્માનપત્રના માધ્યમથી સન્માન કર્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત દાતા રતિભાઈ પટેલ, બળદેવભાઈ પટેલ, નંદુભાઈ પટેલ, ઠાકોરપ્રસાદ દવે અને રૂપાલ ગ્રામ પંચાયતના સરપંચ શૈલેષભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

કેળવણી મંડળના પ્રમુખ બળદેવભાઈ પટેલ તથા ઉપપ્રમુખ કાન્તિભાઈએ ઉદ્બોધન કર્યાં હતાં. કાર્યક્રમમાં ધોરણ-૧થી ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. સ્વાગત પ્રવચન આચાર્ય બી ઍસ પટેલ અને કાર્યક્રમ સંચાલન ડૉ. પી આર ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. શાળા પરિવારે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આભારવિધિ જયેશભાઈ ખરાડીએ કરી હતી.



સૅક્ટર-૩ ડી યુવક મિત્ર મંડળ દ્વારા જન્માષ્ટમીની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. રાસ ગરબા, દહીં હાંડી તથા ૫૦૦ દીવાની મહાઆરતી જેવા કાર્યક્રમોએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. સૅક્ટરના વસાહતીઓ તથા આસપાસના શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# સૅક્ટર-૨૪માં કાર્યરત સ્વામી વિવેકાનંદ સ્કૂલ ખાતે શ્રીકૃષ્ણ જન્મોત્સવની દબદબાભેર ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૭

સેક્ટર-૨૪ ખાતે આવેલ સ્વામી વિવેકાનંદ સ્કુલ ખાતે ભગવાન શ્રી કૃષ્ણનાં જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર સેક્ટરના વસાહતીઓને સાંકળીને યોજવામાં આવેલ જન્માષ્ટમીના ઉત્સવે ભારે આકર્ષણ જમાવ્યું હતું.

શ્રી કૃષ્ણ અને રાધાની વેશભૂષા સ્પર્ધામાં અનેક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સંસ્થાના ડાયરેક્ટર શ્રી અશોક મહેતાએ જન્માષ્ટમીનું મહત્વ સમજાવી શામ - દામ - દંડ - ભેદની નિતી અંગે વિશદ છણાવટ કરી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત શ્રીમતી જાગૃતિ મહેતા એ તમામને ભગવદ ગીતાનું પુસ્તક આપ્યું હતું એ તે વાંચવાની હિમાયત કરી હતી. કાર્યક્રમ દરમ્યાન ત્રણ સ્તરમાં 'મટકી ફોડ'નો કાર્યક્રમ સંપન્ન થયો હોત. જેમાં ૦-૫ વર્ષ, ૫ થી ૧૩ વર્ષ ૧૩ થી ૧૮ વર્ષના સેક્ટરનાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે તમામ ભાગ લેનારાને 'નશાબંધી સંસ્કાર કેન્દ્ર' દ્વારા ઈનામ આપવામાં આવ્યાં હતાં.

## જે બી પ્રાથમિક શાળા દ્વારા જન્માષ્ટમી પર્વ ઉજવાયું

ગાંધીનગર, તા. ૭

શ્રી જે બી પ્રાથમિક શાળા ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી ઉલ્લાસપૂર્ણ રીતે કરવામાં આવી હતી. ૮૦ જેટલા વિદ્યાર્થીઓએ આ ઉજવણીમાં ભાગ લઈ વાતાવરણને કૃષ્ણમય બનાવી દીધું હતું.

આ પ્રસંગે નૃત્યો તથા મટકી ફોડનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આચાર્યા નિવાબેન બી પટેલની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સાથે મળીને દાંડિયા-રાસની રમઝટ માણી હતી.

# ચાલો, નવો ચીલો ચાતરીએ

આમ તો દરરોજ મોહનકાકા અને મંજુકાકી પ્રાતઃકાર્ય પૂર્ણ કર્યા બાદ સવારની સ્વચ્છ હવામાં ટહેલવા નીકળી પડતાં. બંને વડિલોનો આ નિત્યક્રમ હતો. ક્યારેક સંજોગોવશાત એકાદ-બે દિવસ આજુબાજુના વસાહતીઓને જોવા ન ળે તો જે દિવસે કાકા-કાકી જોવા મળે ત્યારે ભાવથી પાડોશીઓ પૂછે, 'કેમ કાકા હમણાંથી નહોતા દેખાતા ? તબિયત તો સારી છે ને ?' કાકા-કાકી દરેકને એટલા જ ભાવથી જવાબ આપતા કે સામેવાળાને ખબર પૂછ્યાનો આનંદ થાય.આમ સવારના ફરવા જતાં થોડીવાર વિસામો પણ કરે અને કાકા-કાકી રાહગીરોને, વાહનોને અને કુદરતને માણતા એકબીજા સાથે વાર્તાલાપ કરે.

સોમવારનો દિવસ હતો અને નિત્યક્રમ મુજબ બંને મસ્તીથી બેઠાં-બેઠાં વાતોમાં મશગૂલ હતા અને તેવામાં એક પછી એક સ્કૂટર, બાઈક, કાર, જીપ વગેરે વાહનો પસાર થવા લાગ્યાં. એના પર સવાર લોકોના પહેરવશે પરથી લાગતું હતું કે તેઓ બધા કોઈ સ્વર્ગસ્થના બેસણામાં જઈ રહ્યા છે.


કાકા-કાકી તો આરામથી સૂર્યનારાયણના કોમળ તડકામાં અલકમલકની વાતો કરતા હતા પણ ઉપર જણાવેલ દૃશ્યનું કાકીએ બરાબર નિરીક્ષણ કર્યું અને સહસા કાકાને કહ્યું, 'જુઓ તો ખરા ! આ લોકો સ્વજનના મૃત્યુનો શોક વ્યક્ત કરવા મૃતકના સગા પાસે જઈ રહ્યા છે તે પહેરવેશ પરથી ચોક્કસ લાગે છે. પણ હું ક્યારની એ જોઉં છું કે સ્વજન ગુમાવ્યાનું દુખ કોઈના ચહેરા પર જણાતું નથી. હવે જો ખરેખર લોકલાજે કે જવા ખાતર જતા હોય અને આવા દુખદ સમયે રસ્તામાં મજાક-મસ્તી કરતા હોય તો શું ખરેખર તમે જ જવાબ આપો કે સદ્ગતના આત્માને એવું લાગે કે એના જવાથી કોઈને દુખ થયું છે ?'



મંજુકાકી આમ વાત કરતાં ફરી કાકાને પૂછવા લાગ્યા કે 'તમને નથી લાગતું કે બેસણામાં જનારો મોટો વર્ગ જવા ખાતર જતો હોય છે ?'

કાકા કહે, 'એ તો સમાજમાં રહીએ એટલે લોકલાજે હાજરી પૂરાવવા પણ જવું પડે. નહીં તો લોકોને કહેવાનું બહાનું મળે કે સારા લગ્નપ્રસંગો જેવામાં દોડીને આવે પણ દુખના સમયે મોઢું દેખાડવાય નથી આવતા.'

'તમારી વાત સો ટકા સાચી પણ જેમ જમાનો આગળ જાય તેમ હવે દરેક બાબતની વ્યાખ્યા અને સમીકરણો પણ બદલવાં જોઈએ. અને આ બાબતમાં સમાજે કંઈક તો વિચારવું જોઈએ. આજના ઝડપી યુગમાં લોકોને મરવાનોય સમય નથી. આમથી તેમ ભાગંભાગ કરતા જોવા મળે છે. ચાલુ ગાડીએ મોબાઈલ પર લાખોનો વ્યવહાર કરે છે, તો આવા સમયે ખરેખર સદ્ગતના સ્વજન પાસે પોતે દુખ વ્યક્ત કરવું હોય તો બે લીટીનો દિલથી દિલાસો પણ લખીને મોકલી શકાય. અરે જો એથી પણ વધારે સંબંધ હોય અને વ્યસ્ત જીવનમાંથી સમય કાઢવો મુશ્કેલ હોય તો પોતાના ઘરના બધા જ સભ્યો સદ્ગત પ્રત્યેની પોતાની લાગણી શબ્દ સ્વરૂપે તેઓના સ્વજન સુધી પહોંચાડે તો બેસાણામાં જતાં મજાક



મશ્કરી કરતા રસ્તો કાપતા હોય તે ઘટનાને નિવારીને સદ્ગત આત્માને ભાવભીની શાબ્દિક અંજલિ આપી શકાય, જે તેના સ્વજનને ચોક્કસ દુખમાંથી હળવા કરશે.

અરે ! એક તુલસીનો છોડ રોપીને પણ સદ્ગતને શ્રધ્ધાંજલિ આપી શકાય અથવા આપણાં પૂજનીય વૃક્ષો જેવાં કે વડ, પીપળો, આસોપાલવ રોપી સદ્ગતનું નામ તે વૃક્ષને આપીને ઉછેરવામાં આવે તોય સારું. આમ કરવાથી પર્યાવરણ સ્વચ્છ રહેશે, હરિયાળી વધશે અને જેના નામનું વૃક્ષ હશે તેના સ્વજનો હરખાશે પણ ખરા. પોતાના સ્વજનના નામનું વૃક્ષ જ્યારે પોતાને અને અન્યોને છાયા આપશે ત્યારે એના જેવી શાતા બીજું કોઈ નહીં આપી શકે.' મોહનકાકા તો કાકીના ઉમદા અને નવિનતમ વિચારો સાંભળીને ચકિત થઈ ગયા !

આપણે આવું કંઈ નવતર કરી શકીએ ?

**- અસ્મિતા એ દવે**



સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર, ચિલોડા દ્વારા જન્માષ્ટમી પર્વની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે સૌપ્રથમ આરતી બાદ કૃષ્ણલીલાનું સંક્ષિપ્ત દર્શન કરાવવામાં આવ્યું હતું અને પછી યોજાયેલો મટકીફોડનો કાર્યક્રમ અનન્ય બની રહ્યો હતો. રાસલીલામાં પણ વિદ્યાર્થીઓ આનંદથી જોડાયા હતા.